શ્રાવણના બીજા સોમવારે નગરના શિવાલયોમાં વિશેષ આયોજનો



## @ગાંધીનગર

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવરૂદ્રાભિષેક તેમજ શિવમહિમ્નના પાઠ જયેશભાઈ દવેના નિવાસસ્થાન ૧૨૫૮, બી-૧, સેકટર-૩ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્ન સ્ત્રોત પાઠ અને શિવ વંદના દેવશંકરભાઈ ભટ્ટના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૧૦/૧, વિરાટનગર ખાતે રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.

● સે-૨૩ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિવંદના મુકેશભાઈ દવેના નિવાસસ્થાને હરિનંદન ફલેટ, સે-૨૮ ખાતે રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.

● ગાંધીનગર નજીક આવેલ મગોડી ગામે સ્થિત મમૈયા માતાજીના મંદિર ખાતે શ્રાવણ સુદ દસમ નિમિત્તે માતાજીનો મેળો યોજાશે.

● સે-૨૨ જૈન ઉપાશ્રય ખાતે સવારે ૯ કલાકે પૂ. અરૂણોદયસાગર સૂરીશ્વરજીની નિશ્રામાં યુગ પુરુષ ચંદ્રશેખર વિજયજી મ.સા.નો ગુણાનુવાદ તથા તેમના સ્મૃતિ ગ્રંથ 'ગુરૂમા'નું વિમોચન કરાશે.

● ગાંધીનગર નજીક આવેલ રાંધેજામાં જાગેશ્વર મહાદેવની વાડી ખાતે વેરાઈ ભજન મંડળ દ્વારા ભાગવત કથા બપોરે ૩ કલાકે યોજાશે.

● સે-૬ સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં પૂ. નિશ્ચયસ્વામી દ્વારા મંદિરો શા માટે? વિષય ઉપર પ્રવચન રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

# ઈન્દ્રોડા ગામે દશામાંની મૂર્તિ વિસર્જન માટે હજ્જારો ભકતો ઉમટયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલ ઈન્દ્રોડા ગામે દશામાની મૂર્તિ વિસર્જન માટે હજ્જારો ભકતો ઉમટી પડયા હતા. ગામના યુવાનો દ્વારા ચા-પાણી સહિત પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લાભરમાંથી મૂર્તિ વિસર્જન માટે યોગ્ય વ્યવસ્થા હોવાથી શ્રધ્ધાળુઓ ઈન્દ્રોડા ગામને સૌથી વધુ પસંદ કરે છે. ગામના યુવાનો દ્વારા ૭૦૦ કિલો બુંદી, ૨૦૦ લીટર દુધની ચા ભકતોને આપવામાં આવી હતી.

શ્રાવણ માસના પ્રારંભે અમાસ તેમજ એકમથી શ્રધ્ધાળુઓ દશામાના વ્રતનો પ્રારંભ કરે છે. શ્રાવણ માસ અને દશામાના વ્રતનો સુમન સમન્વય સધાતા ભકતોમાં અનેરો આનંદ અને ઉલ્લાસ જોવા મળે છે. માંના દશ દિવસના વ્રતમાં સવાર-સાંજ આરતી-પૂજા અર્ચના કરે છે. ભકતો નકરોડા તો કોઈ એક ટાઈમ ભોજન લઈ વ્રત કરે છે.

૧૦ દિવસ સુધી માંની આરાધના કરતાં આસપાસ ભકિતમય માહોલ છવાઈ જાય છે. વ્રતનો સમયગાળો કયાં પુરો થઈ જાય છે તે ખબર ભકતોને પડતી નથી. દસમાં દિવસે ભકતો નકોરડો ઉપવાસ કરી માતાજીને ચુરમુનો પ્રસાદ ધરાવે છે. રાત્રી જાગરણ હોય છે. વહેલી સવારે ભકતો નદીમાં માતાજીની મૂર્તિનું વિસર્જન કરે છે. દશામાની મૂર્તિ વિસર્જન માટે ઈન્દ્રોડા ગામ ફેવરીટ છે. જિલ્લાભરમાંથી હજ્જારો ભકતો અહીં આવે છે. ગામના ૪૦૦ સ્વયંસેવકો આ કામગીરીમાં જોડાયેલા હોય છે. ભકતો માટે પાર્કિંગથી લઈ નદીના પટ સુધી લાઈટીંગની સુવિધા પુરી પાડવામાં આવે છે. ભકતોને કયાંય દુવિધા ઉભી ના થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે તેમજ મૂર્તિ વિસર્જન માટે આવતા ભકતોને ચા-પાણી સહિત પ્રસાદીનું વિતરણ કરવામાં આવે છે.

આ વર્ષે ભકતોને ગ્રામજનો દ્વારા ૭૦૦ કિલો બુંદીનો પ્રસાદ, ૨૦૦ લીટર દુધની ચા અને મીનરલ પાણીની સેવા પુરી પાડી હતી. સ્વયંસેવકો દ્વારા કોઈ ભકત ચા તેમજ પ્રસાદી લીધા વિના ન જાય તેની ખાસ દરકાર કરવામાં આવી હતી. સંપૂર્ણ કામગીરી ગ્રામજનો ભેગા મળીને કરે છે. કોઈ ફંડ કે ફાળો ઉઘરાવવામાં આવતો નથી. દશામાની મૂર્તિ વિસર્જન માટે ઈન્દ્રોડા ગામ-શહેર-જિલ્લામાં આગવું સ્થાન ધરાવે છે.





**(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)**

# શ્રાવણના બીજા સોમવારે નગરના શિવાયલોમાં વિશેષ આયોજનો

**સે-૨માં ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે ફુલોની રંગોળી અને બાબા હનુમાનજી મંદિરે ઈકો ફ્રેન્ડલી મહાકાલેશ્વર : સે-૨૧ વૈજનાથ મહાદેવ મંદિરે ચોખા વડે અર્ધનારેશ્વર તથા ગણેશજીની પ્રતિકૃતિ**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં પવિત્ર શ્રાવણ માસે નગરજનો ભકિતના રંગમાં રંગાઈ ગયા છે. શ્રધ્ધાળુઓ સદાશિવ ભોળાનાથની પૂજા અર્ચના થકી આ પાવનમાસમાં ઈશ્વર ભકિતમાં લીન થઈ ગયા છે. નગરના શિવાલયોમાં પણ શ્રાવણના સોમવારે વિવિધ આયોજનો થકી ભાવિકોને પ્રભુના અનેરા રૂપના દર્શનનો લ્હાવો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

શ્રાવણ માસમાં સોમવારનું ખુબ મહત્વ છે અને જે શ્રધ્ધાળુઓ આખો માસ ઉપવાસ કે એકટાણું નથી કરી શકતા તે શ્રાવણ માસના તમામ સોમવારે ઉપવાસ-એકટાણુ કરી તેટલું જ પુણ્ય કમાઈ શકે છે. શ્રાવણ માસના સોમવારે નગરના દરેક શિવાલયોમાં શ્રધ્ધાળુની ભીડ ત્રણથી ચાર ગણી વધી જાય છે. નગરના તમામ શિવાલયોમાં સોમવાર નિમિત્તે વિશેષ આયોજનો હાથ ધરવામાં આવે છે. આ મહિનાના બીજા સોમવારે પણ આ પ્રકારના ખાસ આયોજનો કરવામાં આવ્યા છે. સે-૪ ખાતે ઓમકારેશ્વર મહાદેવ ખાતે શુદ્ધ ઘીથી સાડા પાંચ ફુટની નંદી પર સવાર શિવજીની પ્રતિકૃતિ તૈયાર કરાઈ છે. આ પ્રતિકૃતિ બનાવવામાં ૧૦૫ કિલો શુધ્ધ ઘીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાથે સે-૨માં ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે વિવિધ રંગબેરંગી ફુલોની રંગોળી તૈયાર કરાઈ છે તો સે-૨માં જ બાલા હનુમાનજી મંદિરે માટીના ઈકો ફ્રેન્ડલી મહાકાલેશ્વર તૈયાર કરાયાં છે. આ ઉપરાંત ચ-૬ કોર્નર પાસે સે-૨૧માં વૈજનાથ માલણેશ્વર મહાદેવ ખાતે બહેનોએ 'અક્ષત' વડે અર્ધનારેશ્વરની સુંદર રંગોળી બનાવી છે સાથે ગણેશજીની પણ આકૃતિ સામેલ કરી છે. આ રંગોળીમાં બહેનોએ અબીલ ગુલાલનો ઉપયોગ કરી આબેહૂબ મહાદેવના અર્ધનારેશ્વર સ્વરૂપને ઉપસાવ્યું છે. નગરના બાકી શિવાલયોમાં પણ સોમવારને ધ્યાનમાં રાખીને વિવિધ વિશેષ આયોજનો હાથ ધરવામાં આવ્યા છે.

જેમ જેમ શ્રાવણ માસ આગળ વધતો જાય છે તેમ તેમ ભકતોમાં શ્રધ્ધાનું પૂર ઉમટતું જાય છે. દર સોમવારે અગાઉના સોમવાર કરતા ભીડ વધુ જોવા મળે છે અને શ્રધ્ધાળુઓમાં દરેક ઉંમરના જેમકે બાળકો, યુવાનો, યુવતીઓ, મહિલાઓ, વડીલો અને વૃધ્ધાઓ તમામની હાજરી મંદિરમાં જોવા મળી રહી છે. બિલીપત્રો, પાણી અને દૂધ વગેરેના અભિષેક દ્વારા સૌ કોઈ ભોળાનાથને રીઝવવાની ભરપૂર કોશિષ કરી રહ્યાં છે. ઠેર ઠેર શિવાલયોમાં મહાઆરતી, લઘુરૂદ્ર, શિવ મહિમ્ન સ્ત્રોત વગેરેના આયોજનો પણ કરવામાં આવી રહ્યાં છે.





**(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)**

## વાતવાતમાં

● સવારથી જ સેન્સેકસમાં મસ મોટા કડાકા બોલાવાનું ચાલુ થતા નગરના શેર દલાલોની ઓફિસોમાં સોપો પડી જવા પામ્યો હતો. રોકાણકારો પણ માર્કેટમાં મંદીનો માહોલ જોઈ ચિંતાતુર થયા હતા અને ઘણા ટ્રેડરોએ તો આજે લે વેચ અટકાવી ચાની કિટલીએ ચર્ચાઓ કરવાનું મુનાસીબ માન્યું હતું.

● રોડ નં. ૨ પર સે-૨/૭ની ચોકડી પાસે લગાડવામાં આવેલ સાઈન બોર્ડ પર ઝંઝાવાતી વરસાદમાં પડેલુ ડાળુ હજુ એમનું એમ છે એટલે બોર્ડ વંચાતું નથી. જો કે આ બોર્ડ પર સ્પેલિંગ ખોટા હોઈ ડાળુ ના હોય તો પણ તેને વાંચવાનો કોઈ મતલબ નથી.

● પાટીદાર અનામત રેલી અને બંધના એલાનના પગલે બાળકોને શાળાએ મોકલવા કે નહીં તે અંગે વાલીઓમાં ભારે અવઢવ ચાલી રહી છે. જો કે આજના બાળકો તો હવે જાતે જ વ્હોટસએપ ગૃપમાં ચર્ચા કરીને નક્કી કરી લે છે કે સ્કુલે જવું કે નહીં?

● સે-૨-સીમાં રહેતા માયાબેન ભાનુભાઈ દવે દર વર્ષે તેમનો જન્મદિવસ ગરીબ બાળકોમાં વિવિધ ચીજવસ્તુઓનું વિતરણ કરી ઉજવે છે. તાજેતરમાં જ તેમણે પોતાના જન્મદિન નિમિત્તે સે-૨-સીની સરકારી પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ બાળકોમાં પેન્સિલ, રબર, કંપાસ બોકસ, બિસ્કીટ અને હાથરૂમાલ જેવી ચીજવસ્તુઓનું વિતરણ કર્યું હતું.

● અમદાવાદ ખાતે રેલીમાં સામેલ થવા સાંજના સમયથી જ નગરના માર્ગો પર નાના-મોટા વાહનોમાં પાટીદારોના ટોળેટોળા પસાર થવા લાગ્યા હતાં. નગરમાંથી પસાર થતા આ પાટીદારએ 'જય સરદાર'ના પોકારો કરી નગરજનોને બે ઘડી અચરજથી જોતા કરી દીધા હતા.

● ગાંધીનગરના વેપારીઓએ પાટીદાર આંદોલનના પગલે સ્વૈચ્છિક બંધ પાળવાનો નિર્ણય લીધો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વળી, તંત્ર દ્વારા સે-૩૦થી મંત્રીઓના નિવાસસ્થાન તરફનો જ માર્ગ સાવચેતીના પગલાંરૂપે સાંજથી જ બંધ કરી દેવાયો છે.

**- સમીર રામી**
**9924446645**

# સે-૭માં સમી સાંજે રૂ. ૧ લાખની રોકડ ભરેલી થેલીની ચીલ ઝડપ

**પલ્સર બાઈક પર આવેલા બે શખ્સો મહિલાના હાથમાં રહેલી થેલી ખેંચી પળવારમાં પલાયન : મહિલા સે-૧૦ની એસ.બી.આઈ.માંથી રોકડ લઈને આવી રહી હતી**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૭માં આજે સમી સાંજે મહિલાના હાથમાંથી રૂ. ૧ લાખની રોકડ ભરેલી થેલીની ચીલઝડપ થતા ચકચાર મચી જવા પામી છે. પલ્સર બાઈક પર આવેલા બે શખ્સોએ રોકડ ભરેલી થેલી ખેંચી પલવારમાં જ પલાયન થઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સે-૭ ખાતે પ્લોટ નં. ૭૫૪/૨માં રહેતી મહિલા મણીબેન ધનજીભાઈ ચાવડા સે-૧૦ એસ.બી.આઈ. બેંકમાં ગયા હતા અને બેંકમાંથી રૂ.૧ લાખ રોકડ લઈ પોતાના એકટીવા પર સે-૭ ખાતે આવતા હતા. દરમિયાન માર્ગ પર જ પાછળથી પલ્સર બાઈક પર આવેલા શખ્સોએ મહિલાના હાથમાં રહેલી રોકડ ભરેલી ખેલી ખેંચી લીધી હતી. મહિલા કંઈ સમજે તે પહેલા જ પળવારમાં બાઈક સવાર શખ્સો પલાયન થઈ ગયા હતા. આ મામલે સે-૭ પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે આવી તપાસ હાથ ધરી હતી. પોલીસે મહિલાની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. સમી સાંજે બનેલી ચીલઝડપની ઘટનાને પગલે શહેરમાં ચકચાર મચી જવા પામી હતી.



## મહારેલીની પૂર્વ સંધ્યાએ ચિલોડામાં બાઈક રેલી

પાટીદારો દ્વારા અનામતની માંગણી સંદર્ભે અમદાવાદ ખાતે યોજાનાર મહારેલીએ રાજયભરમાં ભારે ઉત્તેજના ફેલાવી છે. આ રેલીની પૂર્વ સંધ્યાએ ચિલોડા ખાતે પાટીદાર યુવાનોએ બાઈક રેલી કાઢી પાટીદારોની માંગણીને સમર્થન તથા આંદોલનને સહકાર આપવા ગ્રામજનોને અપીલ કરી હતી.

**(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)**

# સે-૬ સ્વામિનારાયણ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસમાં કથાનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સે-૬ સ્થિત સ્વામીનારાયણ મંદિર આયોજિત પવિત્ર શ્રાવણ માસમાં આજથી ત્રણ દિવસ દરમિયાન સંત સમાગમ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અલગ અલગ જીવન સ્પર્શી વિષયો ઉપર સંતો દિવ્ય વાણીનું રસપાન કરાવશે.

પવિત્ર શ્રાવણ માસ નિમિત્ત સે-૬બી સ્વામીનારાયણ મંદિર ખાતે આજે તા. ૨૫ ઓગષ્ટના રોજ રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન સંત સમાગમ કાર્યક્રમનો પ્રારંભ થશે તથા પૂર્ણાહુતિ તા. ૨૮ ઓગષ્ટના રોજ રાત્રે ૯-૦૦ કલાકે કરાશે.

અનાદિકાળથી આ જીવાત્મા જન્મ મરણની ભવાબ્દીમાં ભટકતો આવ્યો છે. છતાંય તેનો અંત કયારેય આવી શકયો નથી. જીવાત્માની આ જન્મ-મરણરૂપી ભવાબ્દીનો અંત આણવા તથા આપણી મુંઝવણો, પ્રશ્નો તથા દુઃખ માત્ર ટાળવા માટેનો એક જ ઉપાય છે સત્સંગ એટલે કે સંત સમાગમ આયોજિત શ્રાવણ માસ કથામાં અલગ અલગ જીવન સ્પર્શી વિષયો ઉપર પૂ. સંતોની દિવ્ય વાણીનો લાભ લઈ શકાશે.

તેમજ તા. ૨૫મીથી ૨૮મી ઓગષ્ટ સુધીમાં અનુક્રમે વિવિધ વિષયો મંદિરો શા માટે, ઊંટના તો અઢાર વાંકા, કરોડોની કમાણી, રક્ષણહાર ઉપર પૂ. સંતો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવશે. ગુરુવારના રોજ પૂ. સંતોના વરદ હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો અપાશે.

આ અઠવાડિયામાં સત્સંગ સભામાં સંયુકત સભા, કિશોર સભા, બાળ સભા દર શુક્રવારે સાંજે ૭.૩૦ કલાકે યોજશે તથા પૂર્ણાહૂતિમાં સ્વામિનારાયણ ધામ, ગાંધીનગરના પૂ.સત્ય સંકલ્પદાસજી સ્વામીના દર્શનનો લાભ લઈ શકાશે. આ કાર્યક્રમનો લાભ લેવા સૌ નગરજનોને આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# સંત સરોવરમાં ન્હાવા પડેલ યુવાન ડુબ્યો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક સાબરમતી નદીમાં સંત સરોવર ખાતે નદીના પાણીમાં ન્હાવા પડેલ યુવાન ડુબી જવા પામ્યો હતો. આ મામલે ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયરની ટીમ ઘટના સ્થળે દોડી જઈ યુવાનની શોધખોળ હાથ ધરી હતી જો કે હજુ સુધી યુવાન અંગે કોઈ ભાળ મળી નથી.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર નજીક સાબરમતી નદી પસાર થાય છે જયાં નદીના પટમાં સંત સરોવર બનાવવામાં આવ્યું છે. આજે સમી સાંજે કેટલાક યુવાનો પાણીમાં ન્હાવા પડયા હતા જયાં એક યુવાન ઊંડા પાણીમાં ઘુસી જતા ડુબી જવા પામ્યો હતો. આ મામલે આસપાસના મિત્રોએ ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરી હતી. આથી ગાંધીનગર ફાયરની ટીમ તુરંત ઘટના સ્થળે દોડી આવી હતી અને પાણીમાં ડુબી જનાર યુવાનની શોધખોળ હાથ ધરી હતી. જો કે પાણીમાં ડુબી જનાર યુવાનની કોઈ ભાળ મળી નથી.

# બીએસએનએલ દ્વારા ટેલિફોન અદાલતનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં બીએસએનએલ દ્વારા ટેલિફોન અદાલતનું આયોજન આગામી તા. ૪ સપ્ટેમ્બરના રોજ સે-૧૧ ખાતે બપોરે ૩.૦૦ કલાકે કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેર અને ગ્રામ્ય જનતાને આ અંગેની અરજી તા. ૨ સપ્ટેમ્બર સુધીમાં સબ ડીવિઝનલ એન્જિનિયર, ટેલિફોન એકસચેન્જ, સે-૧૧ ખાતે મોકલવાની રહેશે.

# એકાઉન્ટ ઓફિસર્સ એસો.ના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત એકાઉન્ટ ઓફીસર્સ એસોસિએશનની તાજેતરમાં અમદાવાદ ખાતે મળેલ સામાન્ય સભામાં પ્રમુખ આર.એચ. દવે, ઉપપ્રમુખ જે.પી. મોમીન, મહામંત્રી કે.એન. પટેલ અને અન્ય હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# ક્રિકેટ પછી કબડ્ડીએ રમતપ્રેમીઓના દિલમાં સ્થાન જમાવ્યું, કબડ્ડી લીગની તમામ મેચ લોકોએ નિહાળી

વિશ્વભરમાં ક્રિકેટની રમતના ચાહકોની સંખ્યા સૌથી વધારે છે અને ક્રિકેટ સૌથી વધારે રમાતી રમત પણ છે. પરંતુ ભારતની રાષ્ટ્રીય રમત કબડ્ડીએ પણ હમણાં જ રમાયેલી લીગ મેચ થકી તેના ચાહકોની સંખ્યામાં જોરદાર વધારો કરી દીધો છે. રવિવારના રોજ રમાયેલી પ્રો. કબડ્ડી લીગની ફાઈનલને જોવા ખેલ રસીકોએ ભારે ઉત્સુકતા દાખવી હતી અને કબડ્ડી પણ ક્રિકેટની જેમ ચર્ચાના એરણે ચડી હતી. રાષ્ટ્રીય રમતનું ખેલ જગતના ચાહકોના હૃદયમાં ઉદય થતાં આયોજકો પણ ખુશીથી ઝુમી ઉઠયા છે.

પ્રો. કબડ્ડી લીગ સિઝન-૨માં દેશની કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો. વધુમાં આ મેચોનું જીવંત પ્રસારણ પણ ટીવી ઉપર થતું હતું. ૧૮ જુલાઈથી શરૂ થયેલી આ લીગ ૨૨ ઓગષ્ટ સુધી ચાલી હતી અને ખેલ પ્રેમીઓ પણ કબડ્ડીની આ મેચો જોઈને અત્યંત પ્રભાવિત થઈ ઉઠયા હતા. અને નિયમિત દરેક મેચ નિહાળીને કબડ્ડી પ્રત્યેની દિલચસ્પી વધારી રહ્યા હતા. દેશમાંથી જુદા જુદા રાજયો અને શહેરોની ટીમો સામેલ હતી. જેમાં તેલુગુ ટાઈટન્સ, યુ મુમ્બા, જયપુર પીન્ક પેન્થર્સ, બેંગલુરૂ બુલ્સ, દબંગ દિલ્હી, પટના પાઈરેટસ, બેંગલ-વેરીયર્સ અને પુને રીપલટન નામની ટીમોથી કબડ્ડીની રમત રમાઈ હતી.



મુંબઈમાં રવિવાર સાંજે એસવીપી સ્ટેડિયમમાં પ્રો. લીગની ફાઈનલ યુ મુમ્બા તથા બેંગલુરૂ બુલ્સ વચ્ચે યોજાઈ હતી. કબડ્ડીની રમત દરમિયાન શિસ્ત, નિયમો તથા ટીવી રીપ્લે આધારે નિર્ણયો વગેરે ખેલપ્રેમીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. વધુમાં મેચ અંગેની ચર્ચાઓ પણ ચોરે ચૌટે થતી હતી જેથી કબડ્ડી ધીમે ધીમે પણ મકકમ રીતે લોક હૃદયમાં સ્થાન જમાવી રહી હોવાનું લાગી રહ્યું છે. જો કે મિડીયા તથા અખબારોએ ઓછું કવરેજ આપ્યું છે છતાં લોક પ્રિયતામાં ઉંચો કુદકો માર્યો છે. ખેલાડીઓની ડ્રેસ સેન્સ, અમ્પાયર્સનું ચુસ્ત વલણ તથા ખેલાડીઓમાં ટીમ સ્પિરીટની ભાવના જેવા કારણો પણ ખેલ જગતને સ્પર્શી ગયા છે. પ્રો લીગની મેચ દરમિયાન ફિલ્મી અને ટીવી કલાકારોની હાજરી પણ કબડ્ડી જેવી સ્પર્ધા માટે અતિ મહત્વની લાગી રહી હતી. આમ પધ્ધતિસર રમાઈ રહેલી કબડ્ડીએ ખેલપ્રેમી લોકોના હૃદયમાં સ્થાન જમાવી દીધું છે. જો કે દેશની રાષ્ટ્રીય રમત પ્રત્યે લગાવ ઉભો થાય તે અત્યંત જરુરી હતું અને તે હવે શરૂ થયું છે. કબડ્ડી એ પહેલાં શેરીઓ, શાળાઓ અને રાજયકક્ષાએ રમાતી રમત હતી જે હવે દેશ કક્ષાએ પહોંચી છે તે ગૌરવની વાત છે.

# અનામત મામલે માણસામાં ઠાકોર સમુદાયની વિશાળ રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે આજે ઓબીસી જ્ઞાતિના ભાગ બટાઈ મામલે જંગી રેલી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ઠાકોર સમુદાયના બંધુઓ જોડાયા હતા અને રેલી સ્વરૂપે મામલતદાર કચેરીએ જઈ મામલતદારને આવેનદપત્ર આપ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા એક માસથી રાજયમાં પાટીદારો અનામત માટે આંદોલન કરી રહ્યા છે. ઠેર ઠેર પાટીદારો મૌન રેલી અને બાઈક રેલી યોજી શકિત પ્રદર્શન કરી રહ્યા છે. પરીણામે આ મામલો સરકાર અને અન્ય જ્ઞાતિઓ માટે હાલ ભારે ચિંતાનો વિષય બની ગયો છે. પાટીદારો આંદોલનમાં જન સમુદાયને વધુને વધુ જોડી રહ્યા છે. આ અનામત માટે ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈષ્ણવ, જૈન વગેરે જ્ઞાતઓ મેદાને આવી છે ત્યારે ઓબીસીમાં ભાગ બટાઈ મામલે ઠાકોર સમાજે માણસામાં વિશાળ રેલી યોજી હતી. માણસાના વાવ દરવાજા ખાતેથી નીકળી રેલી મામલતદાર કચેરીએ ગઈ હતી. જેમાં હજારોની સંખ્યામાં ઠાકોર સમાજના લોકો જોડાયા હતા અને રેલી સ્વરૂપે નીકળી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. રાધાબેન ધનજીભાઈ પટેલ, ઉ.વ. ૮૪, પ્લોટ નં. ૧૪૯૫/એ/૨, સેકટર-૨-સી, ગાંધીનગર.